| | |
|---|---|
| રજુ તારીખ | ૦૬–૧૦–૨૦૨૨ |
| દાખલ તારીખ | ૦૬–૧૦–૨૦૨૨ |
| ફેસલ તારીખ | ૨૧–૦૬–૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | |

**મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું.માળીયા(મીં.),જી.મોરબી.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૬/૨૦૨૨**

**આંક–______.**

**અરજદાર :** **ભાયાભાઈ લાખાભાઈ મેવાડા**
રહે.ખાખરેચી ગામ,
તા.માળીયા, જી. મોરબી.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **તલાટી–કમ–મંત્રી,**
ખાખરેચી ગ્રામ પંચાયત,
ખાખરેચી, તા.માળીયા(મી), જી.મોરબી.

---

**બાબત : જન્મ મરણ નોંધ અધિનિયમ ૧૯૬૯ની કલમ : ૧૩–૩ મુજબ.**

---

**અરજદાર તરફે વિ.વકીલશ્રી :** પી.વી.વ્યાસ.
**સામાવાળા તરફે વિ.વકીલશ્રી :** કોઈ નહીં

**:: ઠ રા વ ::**

(૧) અરજદાર તરફે અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના માતૃશ્રી **સોમાબેન લાખાભાઈ મેવાડા**નું મરણ પોતાના રહેણાંક સ્થળ ખાખરેચી તા.માળીયા મુકામે **તા.૦૨/૦૯/૧૯૯૬** નાં રોજ શ્રાવણ સુદ–૫ ને સોમવારના રોજ થયેલ તથા કાયદાકીય અજ્ઞાનતાને કારણે સામાવાળાના દફતરમાં તેમના માતૃશ્રીના મરણની

નોંધ કરાવવાનું રહી ગયેલ તથા અરજદારના માતૃશ્રી અરજદાર સાથે રહેતા અને તેઓ વૃધ્ધાવસ્થાને કારણે કુદરતી અવશાન પાસેલ છે. તેમજ અરજદાર કાયદાના અજ્ઞાન માણસ હોય શરતચૂકથી કાયદાની અજ્ઞાનતાને કારણે સદરહુ અરજદારના માતૃશ્રીના કરણની નોંધ સામાવાળાના દફતરે કરાવવાની રહી ગયેલ હોય જે આ કામના સામાવાળાની કચેરી માંથી મરણ અંગેનો દાખલો મેળવવાનો હોવાથી અરજી મુજબની દાદ માંગેલ છે.

(૨) આ કામમાં અરજી દાખલ કર્યા બાદ સામાવાળાને નોટીસ કરાતા તે સામાવાળાને બજી ગયેલ છે.ત્યારબાદ અરજદારે આ કામમાં હાલની અરજી માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**<u>અરજદાર તરફે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા</u>**

| કમ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ૧૨ | અરજદારના આધારકાર્ડની નકલ |
| ૨ | ૧૩ | વારસાઈ આંબાની નકલ |
| ૩ | ૧૪ | અરજદારના પિતાશ્રીનો મરણનો દાખલો |
| ૪ | ૧૫ | તલાટી કમ મંત્રીશ્રી ધ્વારા કરવામાં આવેલ પંચ રોજકામ અસલ |
| ૫ | ૦૫ | તા.૧૬/૧૧/૨૦૨૨ ના રોજનું ''દિવ્યભાસ્કર'' દૈનિક વર્તમાનપત્ર |
| ૬ | ૦૯ | તલાટી કમ મંત્રીશ્રી ધ્વારા કરવામાં આવેલ પંચ રોજકામ અસલ |
| ૭ | ૦૮ | ફોર્મ નં.૧૦ અપ્રાપ્ય પ્રમાણપત્ર અસલ |
| ૮ | ૦૭ | તલાટી કમ મંત્રી અશોકકુમાર દોસજીભાઈ ફોફની જુબાની |
| ૯ | ૧૦ | અરજદાર ભાયાભાઈ લાખાભાઈ મેવાડાનું સરતપાસનું સોગંદનામું |
| ૧૦ | ૧૭ | કલોઝીંગ પુરશીશ |

(૩) અરજદાર પક્ષે વિ.વ.શ્રી પી.વી.વ્યાસનાઓને સાંભળ્યા.સાધનીક રેકર્ડ ધ્યાને લીધું.

(૪) આ કામે આંક–૦૭ થી સામાવાળા તલાટી કમ મંત્રી અશોકકુમાર દોસજીભાઈ ફોફનાઓએ અદાલત રૂબરૂ તપાસવામાં આવેલ છે. સામાવાળાએ પોતાની સરતપાસમાં તેઓ છેલ્લા પાંચ વર્ષથી તલાટી કમ મંત્રી તરીકે ખાખરેચી ગામે ફરજ બજાવે છે. તેમની ફરજમાં જન્મ તથા મરણની નોંધ કરવાનું તથા તે અંગેના રજીસ્ટરો નિભાવવાની કામગીરી આવે છે.

અરજદાર ભાયાભાઈ લાખાભાઈ મેવાડાએ નામ.કોર્ટમાં જે અરજદારના માતૃશ્રી સોમાબેના મરણ નોંધ કરવા માટેની અરજી કરેલ છે તેની નકલ તેમને મળેલ છે. અરજદાર ભાયાભાઈ લાખાભાઈ મેવાડાનાઓએ તેઓની માતાનું પ્રમાણપત્ર મેળવવા માટે તેઓને મૌખિક રીતે અરજ કરતા તેઓએ મરણ અંગેનું રજીસ્ટર ચેક કરતા સોમાબેનના મરણની નોંધ ન હોવાનું તેમણે જણાવેલ. નામ. કોર્ટની નોટીસ આવતા તેઓએ રજીસ્ટર ચેક કરતા ભાયાભાઈ લાખાભાઈ મેવાડાના માતૃશ્રી સોમાબેનના મરણની નોંધ થયેલ નથી. તે નોંધ ન થયા બદલ અપ્રાપ્ય પ્રમાણપત્ર તેઓ તેમની સાથે લાવેલ છે. જે અસલ અપ્રાપ્ય પ્રમાણપત્રને દાખલ આંક–૦૮ આપવામાં આવેલ છે.તેમજ તે અંગેનું પંચરોજકામ તેઓએ કરેલ છે. જે પંચરોજકામ દાખલ આંક–૦૯ થી રજુ કરવામાં આવેલ છે.

(૫) જન્મ મરણ નોંધ અધિનિયમ ૧૯૬૯ની કલમ : ૧૩–૩ વંચાણે લેવામાં આવે તો તેમાં નીચે મુજબની જોગવાઈ આવેલ છે.

> *Delayed registration of birth and death, any birth or death which has not been registered with in one year of its occurrence, shall be registered only on an order made by a magistrate of the first class or a presidency magistrate after verifying the correctness of the birth and death and on payment of the prescribed fee.*

સદર કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા,અરજદાર ધ્વારા અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ સોગદનામું તથા તલાટી કમ મંત્રી ખાખરેચી ગામનાઓ ધ્વારા અદાલત સમક્ષ રજુ થયેલ સોગંદ ઉપરની જુબાની અને સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, અરજદારની અરજીની હકીકતોને સમર્થન મળે છે.અરજદારની અરજી અન્વયે જાહેર વર્તમાનપત્ર ''દિવ્યભાસ્કર''માં જાહેર નોટીસ તા.૧૬/૧૧/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે પરંતુ અરજદારની અરજીની હકીકતોને કોઈએ પડકારેલ નથી. જેથી અરજદારના માતૃશ્રી **સોમાબેન લાખાભાઈ મેવાડા**નું મરણ **તા.૦૨/૦૯/૧૯૯૬** ના રોજ ખાખરેચી ગામ

તા.માળીયા મુકામે તેઓના ઘરે થયેલાનું જણાય છે અને અરજદારના માતૃશ્રીના મરણની નોંધણી દફતરે થયેલ ન હોવાનું જણાય છે.જેથી રજુ કરેલ પુરાવાઓ પરથી કાયદાની કલમની જોગવાઈ મુજબ અરજીની સત્યતા તપાસતા સાચી જણાય છે.જેથી જરૂરી લેઈટ ફી લઈ મરણના નોંધ અંગે જરૂરી હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોવાથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદારની અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

(૨) સામાવાળા તલાટી-કમ-મંત્રી ખાખરેચી ગામ,તા.માળીયા(મી),જી.મોરબીનાઓને એવો હુકમ કરવામાં આવે છે કે,તેઓએ **અરજદારના માતૃશ્રી સોમાબેન લાખાભાઈ મેવાડાનું મરણ તા.૦૨/૦૯/૧૯૯૬** ના રોજ થયેલ તેની નિયમાનુસાર થતી લેઈટ ફી લઈ એન્ટ્રી પાડવી.

(૩) હુકમની એક યાદી સામાવાળાને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧-૦૬-૨૦૨૩
માળીયા-મિયાણા.

**(એ.કે.સિંઘ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.
માળીયા(મીં)
**U.I.C.NO.GJ01295**

**Guj.Steno.**
**Vinay P Mavani.**

*Principal Civil Judge &*
*Judicial Magistrate First Class Maliya-Miyana.*